જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૯/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૬૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૨	૦	૧૧૨	૩૮૪	૦	૩૮૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૧૭૬૩	૭૯	૭૧૮૪૨	૭૨૭૭૪	૭૯	૭૨૮૫૩
કુલ		૮૮૨૮૫	૭૯	૮૮૩૬૪	૯૭૨૨૮	૭૯	૯૭૩૦૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૩	૩,૪૧,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૦૦	૧૦,૦૦,૦૦૦/-

જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી સર્વેલન્સ ટીમ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ આગામી આવનાર નવરાત્રીના તહેવારને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની મેઘા ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો તા.૨૭/૦૯/૨૦૨૧ ના સાંજના ક.૨૦/૦૦ વાગ્યાથી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમા હતા દરમ્યાન ફરતા ફરતા ક.૨૧/૩૦ વાગે ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવતા સાથેના **અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ** નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે " **પ્રકાશ ગલી ઠક્કરનગર મ.નં-૨૩૫/૪ ના મકાન માલિક કબ્જેદાર ઉમેશ શંકરલાલ સીમનાની નાઓ મકાન ની અંદર કેટલાક ઇસમોને ભેગા કરી જુગાર રમી રમાડે છે અને હાલમાં સદરી જગ્યાએ જુગાર નો અખાડો ચાલુ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી બાતમી હકિકત વાળી જગ્યા ઠક્કરનગર પ્રકાશ ગલી મ.નં-૨૩૫/૪ ખાતેના રહેણાંક મકાન માં રેઇડ કરી **જુગાર રમતા પાંચ (આરોપીઓ)ને** જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૮,૪૩૦/-તથા દાવના નાંણા રૂ.૧,૦૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ નાણા ૧૦,૪૩૦/-તથા ગંજીપાના નંગ ૫૨-કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૩ કિ.રૂ.૬,૦૦૦/-તથા એક ઓટો રિક્ષા કિ.રૂ.૫૦,૦૦૦/-સાથે મળી કુલ્લે રૂ,૬૬,૪૩૦/-ના મુદ્દામાલ સાથે રાતના ક.૨૩/૪૦ વાગે જુગાર ધારા કલમ-૪,૫ મુજબ પકડી પાડી જુગાર નો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૨૭/૦૯/૨૦૨૧

આરોપીઓના નામ :-

ઉમેશ સ/ઓ શંકરલાલ પેલાદમલ જાતે સીમનાની ઉ.વ.૩૨ રહે- મ.નં-૨૩૫/૪ પ્રકાશગલી ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર +૪=૦૫

મુદ્દામાલ:-

જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૮,૪૩૦/-તથા દાવના નાંણા રૂ.૧,૦૦૦/-તથા નાળના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડ નાણા ૧૦,૪૩૦/-તથા ગંજીપાના નંગ ૫૨-કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૩ કિ.રૂ.૬,૦૦૦/-તથા એક ઓટો રિક્ષા કિ.રૂ.૫૦,૦૦૦/-સાથે મળી કુલ્લે રૂ,૬૬,૪૩૦/-નો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.ન.૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૬૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૭,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૬૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૭૭૦/૨૦૨૧**

કાગડાપીઠઃ વંદનાબહેન વા/ઓ રાકેશભાઇ સોલંકી (ઉ.વ.૪૦) (રહે.ન્યુ આદર્શ સોસાયટી જુની પાયલોટ ડેરી પાસે કાંકરીયા) એ તા.૨૬/૦૯/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતેન ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ-૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સંતોષકુમાર કચરાભાઇ રાવલ (રહે. લોટસ પ્રમુખ ફલેટ વોટર ડિસ્ટ્રીબ્યુટર પાણીની ટાંકી પાસે, સરગાસણ ગાંધીનગર) અને (૨) વૈશાલી ઉર્ફે પુજા રઘજીભાઇ પટેલ (રહે. બ્લોક નં.એફ/૧૦૪, શિવેશ-૧૯૫ વાવોલ ગાંધીનગર) એ ભેગા મળી વંદનાબહેન અને સાહેદોને સુકન્યા સમૃધ્ધી તેમજ મુખ્યમંત્રી કન્યા વિવાહ સરકારી યોજનાના લાભો બતાવી વિશ્વાસમાં લઈ ૩૦૦ જેટલા વ્યક્તિઓ પાસેથી સહાય અપાવવાના બહાને ફોર્મ ભરાવી યોજનાનો લાભ લેવા સારૂ બેંક ખાતુ ખોલાવવા તેમજ કમિશન પેટે કુલ રૂપિયા ૪૨,૦૦,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

એસીડથી બાથરૂમ સાફ કરતા અસર થતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૭૭૧/૨૦૨૧**

સરદારનગરઃ મીનાબહેન વા/ઓ લાલચંદ મુલચંદાણી (ઉ.વ.૬૫) (રહે. પ્રગતિપાર્ક નોબલનગર) તા.૨૪/૦૯/૨૦૨૧ ના રોજ પોતાના ઘરે એસીડથી બાથરુમ સાફ કરતા હતા ત્યારે એસીડનો ધુમાડો નાકમા જતા તબિયત લથડતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૯/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિપક બાજીરાવ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૭૭૨/૨૦૨૧**

શહેરકોટડાઃ રણજીતસિંહ ધુળાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૦) (રહે. સહકારનગર પ્રેમનગર મેમ્કો નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૯/૨૦૨૧ ના રોજ પોતાના ઘરે ઝેરી ગોળીઓ ખાઈ લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ કિડની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૧૧ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશોકકુમાર રમેશભાઈ ચલાવે છે.

આનંદનગરઃ પુષ્પાબહેન વા/ઓ મહેશભાઇ પરમાર (ઉ.વ.૩૨) (રહે. ગોપાલ આવાસ યોજના મંગલદીપ સોસાયટીની બાજુમાં જોધપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૯/૨૦૨૧ સવારના ૯/૦૦ થી બપોરના ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિજયસિંહ જીલુસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.